# Bridge

# SPECIAL CONDITION - II

(૧) પુલો / સી.ડી. વર્કસના કામો તાકીદની સ્થિતિમાં કરવાના હોવાથી આ ટેન્ડરના સમગ્ર સમયગાળા દરમ્યાન ઈજારદારે પોતાનો કોન્ક્રીટ મીક્ષીંગ પ્લાન્ટ જે તે જિલ્લામાં જ રાખવાનો રહેશે. જો ઈજારદાર અન્ય જિલ્લામાં પ્લાન્ટ તબદીલ કરશે તો તે સમય બાદ કામ મળશે નહીં.

(૨) આ પ્રકારની તાકીદે કરવાની થતી કામગીરી કયારે કરવાની થશે તે બાબત નિશ્ચિત નથી. તે ધ્યાને લેતાં આ ટેન્ડર ભરનાર પાત્રતા ધરાવતા અન્ય ક્રમના ઈજારદારોને એલ-૧ ક્રમના ઈજારદારના ભાવે સંમત થાય તેવા આ કામ માટે માન્ય ટેન્ડર ભરેલ હોય તેવા સક્ષમ ઈજારદારોની યાદી એમ્પેનલ કરવા કાર્યપાલક ઈજનેરશ્રી સક્ષમ રહેશે.

(૩) આ પ્રકારના કામો માટે ઈજારદારને સેકશનલ ટેન્ડર કામ પેટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યેથી ૪૮ કલાકની સમયમર્યાદામાં કામગીરી શરૂ કરવાની રહેશે અને સમયમર્યાદામાં કામ પુર્ણ ન કરે તો તેનું ટેન્ડર રદ કરવાનું રહે અને તેને આપવામાં આવેલ સેકશનલ ટેન્ડર રકમના દૈનિક ૧% લેખે અને મહત્તમ ૧૦% પેનલ્ટી વસુલાત કરવામાં આવશે.

(૪) આ પ્રકારના ટેન્ડરમાં કયા સંજોગોમાં, કેટલી સમયમર્યાદા માટે અને કેટલું કામ આપવાનું રહેશે તે પુર્વ નિશ્ચિત ન હોય ટેન્ડરમાં ઈજારદાર લોસ ઓફ પ્રોફિટ કલેઈમ કરી શકશે નહીં.

(૫) જયારે એલ-૧ ક્રમના ઈજારદારને વર્કઓર્ડર આપવામાં આવે અને ઈજારદાર પોતાની પાસેના અન્ય કામના ભારણને ધ્યાને લઈ આ ટેન્ડર અંતર્ગત સમયમર્યાદામાં કામગીરી કરી શકે તેમ ન હોય તો કાર્યપાલક ઈજનેરશ્રીને એમ્પેનલ થયેલ ઈજારદાર પૈકી જે ઈજારદાર સમયમર્યાદામાં કામ પુર્ણ કરવા સક્ષમ જણાય તેવા અન્ય ક્રમના એમ્પેનલ ઈજારદારને એલ-૧ ક્રમના ઈજારદારના ટેન્ડરના ભાવે કામ આપવા બાબતે કાર્યપાલક ઈજનેરશ્રીની સત્તા રહેશે.

(૬) સદર ટેન્ડરની સમયમર્યાદા ૧૨ માસની રહેશે.

(૭) સદર કામના ટેન્ડર અન્વયે જે તે કામ ના વર્ક ઓર્ડર આપવામાં આવશે ત્યારે કામનો પ્રકાર, કામની અગત્યતા, સમયમર્યાદા વગેરે બાબતોની સંપુર્ણ સત્તા વિભાગની રહેશે.

(૮) આ કાર્યવાહી ઝડપથી કામ કરવાના હેતુસર કરવામાં આવેલ હોઈ જરૂરી પુલો / સી.ડી. વર્કસના કામો અંદાજે ૧૫ થી ૨૦ દિવસમાં પુર્ણ કરી શકાય તેટલી રકમની મર્યાદામાં આપવામાં આવશે.

(૯) કામના ટેન્ડરની આઈટમોમાં જથ્થામાં વધારો / ઘટાડો થવાની સંભાવના રહેશે. જે ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે અને તે માટે ઈજારદારશ્રી દ્વારા વધારાનો કોઈ હકક કે દાવો કરશે નહીં.

(૧૦) નવા મંગાવવાના થતા ટેન્ડરો માટે કામોમાં કામ ની અંદાજીત રકમ ના ૫ % **SD** ને બદલે જયારે જેટલી રકમ નું કામ સોંપવામાં આવે ત્યારે તેટલી રકમ ના ૫% સિક્યુરીટી ડીપોઝીટ જમા લેવાની રેહેશે.

(૧૧) ઈજારદારશ્રી  વર્ક ઓર્ડર મળ્યા ના એક અઠવાડિયા માં લેબોરેટરી ઉભી કરવાની રહેશે.

(૧૨) આ કામ માટે **SBD** માં આપેલ **CONTRACT PRICE** ને બદલે જયારે જેટલી રકમ નું કામ સોંપવામાં આવે ત્યારે તેટલી રકમ **(PRICE)** ગણવાની રેહેશે.

## <u>કામની સમય મર્યાદા</u>

| | | |
|---|---|---|
| રૂ. ૨૫.૦૦ લાખ સુધીની રકમના કામ માટે | - | ૧.૫ માસ |
| રૂ. ૨૫ લાખ થી ૫૦ લાખ સુધીની રકમના કામ માટે | - | ૨.૦ માસ |
| રૂા. ૫૦ લાખ થી ૧.૦૦ કરોડ સુધીની રકમના કામ માટે | - | ૨.૫ માસ |
| રૂા.૧.૦૦ કરોડ થી રૂા. ૨.૦૦ કરોડ સુધીની રકમના કામ માટે | - | ૩.૦ માસ |